**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૪.૫ ડીગ્રી
લઘુતમ : ૧૬.૫ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૩ ટકા

# કોકલીયર ઈમ્પ્લાન્ટેશન દ્વારા ૧ ૨૦૦થી વધુ બાળકોને જીવનદાન

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર સિવિલ કેમ્પસ સ્થિત ઓડીટોરીયલ હોલ ખાતે આજે બપોરે વર્લ્ડ હિયરીંગ ડે ૨૦૨૨ નિમિતે સુંદર કાર્યક્રમનું આયોજન ગાંધીનગર સિવિલ કોકલીયર ઈમ્પ્લાન્ટ સેન્ટર દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોકલીયર ઈમ્પ્લાન્ટ દ્વારા સમાજમાં સરળતાથી સાંભળી અને બોલી શકતા હોય તેવા ૫૦ થી વધુ બાળકો દ્વારા સુંદર પર્ફોમન્સ આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા દરેક બાળકોએ પોતાની શ્રવણ શકિતનો સંપૂર્ણ પરિચય આપી દીધો હતો. આ







બાળકોનું પર્ફોમન્સ જોઈ સૌ કોઈએ તાળીઓ પાડી વધાવી લીધા હતા.
આ કાર્યક્રમ વિશે વાત કરતા ડો.નિરજ શુરી (ઈએનટી સ્પેશિયાલીસ્ટ, ચાઈલ્ડ કોકલીયર ઈમ્પ્લાન્ટ સર્જન, સિવિલ હોસ્પિટલ ગાંધીનગર) એ જણાવ્યું હતું કે દુનિયામાં ઘણા બધા નાગરીકો હુ પણ આ સારવાર લીધા વિના આ રોગથી પીડાતા જોવા મળી રહ્યા છે. જેઓને સમયસર સારવારની જરુર છે. સમયસર લીધેલી સારવાર તેમની આખી જીંદગી બચાવી શકે છે. જીવનકાળ દરમિયાન સુનાવણીના નુકશાનને રોકવા અને તેને દુર કરવા સમયસર પગલા લેવાની જરુર છે. સુનાવણી ખોટ એ ભારતનો બીજો સૌથી સામાન્ય વિકલાંગતામાં એક છે. જે બાળકો જન્મથી સાંભળવામાં અસમર્થ હોય થે તે ખુબ બોલતા પણ નથી હોતા જન્મેલા દર ૧૦૦૦ બાળકોમાંથી ૪ બાળકો સાંભળવાની તીવ્ર ખોટ હોય છે. જેને અદ્યતન શસ્ત્રક્રિયા ની જરુર પડે છે. જેને કોકલીયર ઈમ્પ્લાન્ટેશન કહેવામાં આવે છે. ગાંધીનગર સિવિલ કોકલીયર ઈમ્પ્લાન્ટેશન સેન્ટર દ્વારા અત્યાર સુધી ૧ ૨૦૦ બાળકોને જીવનદાન આપ્યું છે. જયાર સુનાવણીમાં નબળા બાળકોને રાજય સરકાર દ્વારા ૮ લાખ સુધની સારવાર વિનામુલ્યે આપવામાં આવે છે.

આ કાર્યક્રમમાં મનોજ અગ્રવાલ (એડિશનલ ચીફ સેક્રેટરી હેલ્થ એન્ડ ફેમીલી), જય પ્રકાશ શિવહરે (કમિશનર ઓફ હેલ્થ ગાંધીનગર), શાહમીના હુસૈન, ડો.નયન પી જાની, ડો.નિલમ પટેલ, ગાંધીનગર કલેકટર ડો.કુલદીપ આર્ય, મનપા કમિશનર ધવલ પટેલ, સહિત અનેક ઉચ્ચ અધિકારીઓ અને ભાઈ બહેનો હાજર રહ્યા હતા.






સેકટર-૨૨ શ્રેયસ સોસાયટીના ગાર્ડનમાં યજ્ઞ યોગ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ઘણા વસાહતીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## અંબાપુર પાટીયા પાસે એકટીવા સ્લીપ થતા ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર નજીક અંબાપુર ગામના પાટીયા પાસે બમ્પ નજીક એકટીવા સ્લીપ થઈ જતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ગંભીર ઈજાઓ પહોંચતા યુવકનું ગાંધીનગર સિવિલમાં સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ ઓરીસ્સાના વતની અને હાલ વલાદ ખાતે રહેતા સત્યસાચી સંતોષકુમાર દાસ તેમના ભાઈ સત્યાજીત દાસ સાથે રહેતા હતા. જેમના પરિવારમાં પત્ની પ્રિતી અને પુત્ર કરણ અને આદિત્ય છે. ગતરોજ સત્યસાંચી અમદાવાદ શાહીબાગ ખાતે કામ અર્થે ગયા હતા. ત્યારબાદ જગન્નાથ મંદિરે દર્શન કરી ઘર તરફ જઈ રહ્યા હતા. તે સમયે રાત્રીના સમયે અંબાપુર પાટીયાના બમ્પ પાસે એકટીવા પરનો કાબુ ગુમાવી દેતા એકટીવા સ્લીપ થઈ ગયું હતું. જેથી સત્યાસાંચી માર્ગ પર પટકાતા શરીરે ઈજાઓ પહોચી હતી. જેથી સારવાર માટે ગાંધીનગર સિવિલ લઈ જવાયા હતા. બનાવની જાણ થતા તેમના પિતા અને ભાઈ ગાંધીનગર હોસ્પિટલ દોડી આવ્યા હતા. જયાં સત્યસાચીની સારવાર ચાલી રહી હતી. પરંતુ રાત્રીના સમયે સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનોં નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## યુક્રેનથી પરત આવેલી દિકરીની વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર દ્વારા મુલાકાત



ગાંધીનગર, તા.૩
તાજેતરમાં ચાલી રહેલ યુક્રેન-રશિયા યુધ્ધમાં ફસાયેલા વિદ્યાર્થીઓને ઓપરેશન ગંગા હેઠળ ભારત સરકાર દ્વારા સહી સલામત લાવવામાં આવી રહ્યા છે. જેમાં રાયસણની દિકરી વિધી હિમંતભાઈ પટેલ સહી સલામત પોતાના પરિવાર પાસે પરત ફરી છે. આ દિકરીને મળવા માટે વોર્ડ નં.૧૦ના નગરસેવકો અને સંગઠન મિત્રો રાયસણ પહોંચ્યા હતા. જેમાં પરિવાર દ્વારા અને દિકરી વિધિ દ્વારા મોદી સરકારની કામગીરીની ખૂબ જ પ્રશંસા કરી હતી અને હૃદયથી આભાર માન્યો હતો. તેજલબેન નાઈ દંડક, મીરાબેન પટેલ, પોપટસિંહ ગોહિલ, મનીષભાઈ પટેલ, રાજભા વાઘેલા, જયમીન વૈદ્ય, યોગશભાઈ પટેલે દિકરીની મુલાકાત લીધી હતી.

## માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા રવિવારથી નિઃશુલ્ક ત્રિદિવસીય યોગ શિબિર

ગાંધીનગર, તા.૩
માનસ યોગ સેવા ટ્રસ્ટ, પતંજલિ યોગ સમિતિ અને મહિલા પતંજલિ યોગ સમિતિના સંયુકત ઉપક્રમે ત્રણ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૬ થી ત્રિ દિવસીય નિઃશુલ્ક યોગ શિબિરનું આયોજન સ્વર્ણિમ પાર્ક ગાંધીગનર ખાતે સાંજે ૪.૩૦થી ૬.૩૦ દરમિયાન યોજાશે. આ સંસ્થા દ્વારા જનકલ્યાણ અને નવજાગૃતિના હેતુસર ઘર ઘર સુધી યોગ, આયુર્વેદ, પ્રાકૃતિક ખેતી, અકયુપ્રેશર, સેલ્ફ ડિફેન્સ અને ઘરેલું ઉપચાર પહોંચી શકે તે માટે આ ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત દરરોજ શિબિર દરમિયાન ઔષધીય ઉકાળાનું વિતરણ પણ કરાશે. આ શિબિરનો મહત્તમ લાભ લેવા ગાંધીનગરના સમગ્ર નાગરિકોને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



સેકટર-૧૪માં બનેલા નવ નિર્મિત બગીચામાં વહેલી સવારે બહેનો દ્વારા યોગ અને કસરત કરવામાં આવે છે. કુદરતી વાતાવરણનો શહેરીજનો લાભ લઈ રહ્યા છે.



સેકટર-૨૪માં ઈન્દિરાનગર વસાહતમાં શિવરાત્રી નિમિત્તે ઓમ્ યુવક મંડળ દ્વારા બાળકોને પૌષ્ટીક ભોજન અને અભ્યાસની કીટ વિતરણ કરવામાં આવી હતી. જેમાં સૌ વસાહતીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપૂતાણી કેળવણી મંડળ દ્વારા ૮મીએ મહિલા કેન્સર જાગૃતિનો ફ્રી સેમિનાર

ગાંધીનગર, તા.૩
ગાંધીનગર રાજપૂત મહિલા મંડળ પ્રેરીત શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના સહયોગથી રાજપૂતાણી કેળવણી મંડળ દ્વારા મહિલા કેન્સર જાગૃતિ નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વ મહિલા દિન નિમિત્તે ગાંધીનગરમાં બહેનો માટે સેલ્બી હોસ્પિટલ, અમદાવાદના સહયોગથી કેન્સર જાગૃતિ સેમિનાર અને નિરોગી સ્વાસ્થ્ય અંગે માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કર્યુ છે. આ કાર્યક્રમ બપોરે ૨થી ૪ વાગ્યે બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ, હનુમાનજી મંદિર પાસે, સેકટર-૧૭ ખાતે યોજાશે. જેમાં મુખ્ય મહેમાન રીતુ સિંગ ઉપસ્થિત રહેવાના છે. આ કાર્યક્રમમાં સર્વે બહેનોને હાજર રહેવા આમંત્રણ પાઠવ્યું હતું.

# મધુર ડેરી દ્વારા ગાંધીનગર જિલ્લાના તમામ સરપંચોનો અભિવાદન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૩
મધુર ડેરીના સાંસ્કૃતિક મેદાનમાં ગાંધીનગર જિલ્લા ભાજપ અને જિલ્લા દૂધ સંઘ ગાંધીનગરના સહયોગથી ગાંધીનગર જિલ્લાના તમામ સરપંચોનો અભિવાદન કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજયના ગૃહમંત્રી અને ગાંધીનગર જિલ્લાના પ્રભારી હર્ષભાઈ સંઘવી હાજર રહ્યા હતા. ગામડા ઝડપથી વિકાસ પામે અને ખેડૂતોની આવક કેવી રીતે બમણી થાય એ આશયથી સરપંચો સાથે સાથે દૂધ મંડળીઓના ચેરમેનનું અભિવાદન રાખવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત રાજયના મહામંત્રી રજનીભાઈ પટેલ અને પ્રદિપસિંહ વાઘેલા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંસ્થાના ચેરમેન ડૉ.શંકરસિંહ રાણાએ ચેરમેન દૂધ મંડળી અને પ્રથમ નાગરિક એવા ગામના સરપંચને ગામની આગેવાની દ્વારા સેવા કરવાના મળેલા મોકાને સારી રીતે નિભાવવા માટે વાત કરી હતી. અનિલભાઈ પટેલે જણાવ્યું કે ગાંધીનગર જિલ્લાનો સારો અને ઝડપી વિકાસ કરવા તમામ આગેવાનો એક થાય તો સરળતાથી ગ્રામીણ વિકાસ શકય બને. રજનીભાઈએ જણાવ્યું કે ગાંધીનગર જિલ્લો રાજયનું નેતૃત્વ કરે અને ગુજરાત રાજયની જેમ ગાંધીનગર જિલ્લો મોડેલ જિલ્લો બની શકે તેમ છે. પ્રદિપસિંહ



વાઘેલાએ જણાવ્યું કે એક સાથે જિલ્લાના તાલુકાના સદસ્યો, દૂધ મંડળીઓના ચેરમેન અને ગામના આગેવાન એવા સરપંચોનું કરાયેલું સન્માન ગાંધીનગર દ્વારા પુરું પાડવામાં આવેલું ઉત્તમ અને આગવું ઉદાહરણ છે. જિલ્લો એક બને નેક બને તો વિકાસ સંપૂર્ણપણે કરી શકે. ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું કે ગાંધીનગરમાં સહકારી સંસ્થાઓ, ગામના આગેવાનોનું સન્માન કરે એ અજુગતું નથી સ્વાગતની અને અભિવાદનની પહેલ કરવી એ મહત્વની છે. જે ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ દ્વારા કરવામાં આવી છે. ગામડાઓએ જે કોઈ કાર્યો માટે પંચાયતી રાજની કયાંય જરૂર પડે તો હું અચૂકથી મદદરૂપ થઈશ. સંસ્થાના મેનેજિંગ ડિરેકટરે આભાર વ્યકત કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સંસ્થાના જનરલ મેનેજર હંસાબેન પટેલે કર્યુ હતું.

## જિલ્લા રેડક્રોસના સહયોગથી બાપુ કોલેજમાં થેલેસેમીયા કેમ્પનું આયોજન



ગાંધીનગર, તા.૩
ગાંધીનગર જિલ્લા રેડક્રોસના સહયોગથી શંકરસિંહ બાપુ ફાર્મસી કોલેજ ખાતે થેલેસેમિયા અવેરનેસ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. આ ચેકઅપ કેમ્પમાં સ્ટેટ રેડક્રોસનાં ટેકનિશિયન જયંતીભાઈ વાળંદ તથા જીગર ઠાકોર દ્વારા ૮૭ વિદ્યાર્થીઓનાં સેમ્પલ લેવાયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજ તરફથી સંતોષકુમાર વૈદ્ય તથા જિલ્લા રેડક્રોસની ટીમે સહકાર આપ્યો હતો.

## એવીવી ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં ‘વર્લ્ડ વાઈલ્ડ લાઈફ ડે’ની ઉજવણી



ગાંધીનગર, તા.૩
એ.વી.વી. ઈંગ્લીશ મીડીયમ સ્કૂલમાં આ એક્ટિવિટી યોજવામાં આવી હતી. જેમાં સૌપ્રથમ વિદ્યાર્થીઓને સુંદર મજાના પ્રાણી સંગ્રહાલયની વર્ચ્યુઅલ વિઝીટ કરાવવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ પ્રકારના પ્રાણીઓ વિશે બાળકો એ સ્પીચ આપી હતી. અને વિવિધ પ્રકારના પ્રાણીઓના મહોરા બનાવવાની પ્રવૃત્તિ યોજવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓને નિબંધ સ્પર્ધા તથા પ્રાણી બચાવો અંતર્ગત સ્લોગન રાઈટીંગ એક્ટિવિટી પણ કરાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓને એનડેંનજર્ડ પ્રાણીઓ વિશે વિવિધ પ્રકારના વીડીયો તથા ચિત્રો બતાવી તેના અમેઝિંગ ફેકટસ્ રજૂ કરવાના હતા. આ કાર્યક્રમમાં દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## આઈટીઆઈ, સે-૧૫માં જિલ્લા કક્ષાનો ૧૦મીએ એપ્રેન્ટિસ ભરતી મેળો

ગાંધીનગર, તા.૩
ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઈ.ટી.આઈ.) સેકટર-૧૫ ખાતે જિલ્લા કક્ષાનો એપ્રેન્ટિસ ભરતી મેળો યોજાશે. જે તારીખ ૧૦મીએ સવારે ૧૦ કલાકે હોસ્ટેલ બેલ્ડીંગ ખાતે રાખવામાં આવ્યો છે. જેમાં આઈટીઆઈ પાસ **FT, MH, WM, TR, CNC, ET, ETN, PPO,IM, COPA, MMV, MD** ટ્રેડના તાલીમાર્થીઓ માટે એપ્રેન્ટિસની તક લઈને ખ્યાતનામ કંપનીઓ આવવાની હોઈ ઉપરોકત ટ્રેડના પાસ આઉટ તાલીમાર્થીઓને એપ્રેન્ટિસ ભરતી મેળામાં માર્કશીટ સાથે હાજર રહેવા ઔદ્યોગિક તાલીમ સંસ્થાના આચાર્ય દ્વારા જણાવવામાં આવ્યું હતું.

# યુક્રેનની યુદ્ધભૂમિમાંથી ગુજરાતના વિદ્યાર્થીઓ હેમખેમ પરત ફરતા માતૃભૂમિમાં ભાવભર્યું સ્વાગત કરાયું




ગાંધીનગર, તા.૩
યુક્રેન અને રશિયા વચ્ચે ચાલી રહેલા સંઘર્ષના કારણે યુક્રેનનો કેટલોક વિસ્તાર યુદ્ધગ્રસ્ત થયો છે. આવા વિસ્તારમાંથી ભારતના વિદ્યાર્થીઓને પરત લાવવા માટે જહેમત ચાલી રહી છે. ભારતના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ વિદેશ મંત્રાલય સતત ખડેપગે રહીને યુદ્ધગ્રસ્ત વિસ્તારમાંથી દેશ તથા ગુજરાતના વિદ્યાર્થીઓને પરત લાવી રહ્યું છે. ગુજરાતના માન. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને રાજ્ય સરકાર પણ ગુજરાતના વિદ્યાર્થીઓની વતન વાપસી માટે ચિંતા કરી રહી છે. આજે ગુજરાતના ૧૦૭ વિદ્યાર્થીઓ માદરે વતન હેમખેમ પરત ફર્યા છે. ત્યારે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીજી દ્વારા ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે વિદ્યાર્થીઓનું સહર્ષ સ્વાગત કરવામાં આવ્યું. આ તકે ગાંધીનગર મહાનગરપાલિકાના માન. મેયરશ્રી હિતેશભાઈ મકવાણા , માન. ડેપ્યુટી મેયરશ્રી પ્રેમલસિંહ ગોલ તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી જશવંતભાઈ પટેલ, પણ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓનું સ્વાગત કર્યુ હતું.

## જન્મદિને વધામણી



પુષ્પરાજ યુવરાજ રાઠોડ




કરણકુમાર જગદીશભાઈ શ્રીમાળી
મો. ૮૧૬૦૫ ૭૫૯૮૨



મિતરાજસિંહ ઈન્દ્રસિંહ બિહોલા
મો. ૭૮૭૪૮ ૬૦૭૮૧



પરમાર દિવ્યાંશી રિન્કેશકુમાર




પરમ ઉર્મિત પટેલ

## ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ. સચ્ચદે કિરણકુમાર અમૃતલાલ, ઉ.વ. ૫૪, સેકટર-૨
- સ્વ. વાઘેલા ઉમેદબા હિંમતસિંહ, ઉ.વ. ૯૦, પિંડારડા
- સ્વ. ચૌહાણ મનુભાઈ કલ્યાણજી, ઉ.વ. ૫૯, સે-૭

## સેકટર-૩-સીમાં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા આનંદનો ગરબો

ગાંધીનગર, તા.૩
માં મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકરના સુર મધુર કંઠે આનંદનો ગરબો યોજાશે. જે શકિતચોક મંદિરમાં ફાગણ સુદ ત્રીજ બહુચરમાના પ્રાગટય દિવસ નિમિત્તે ૫મીએ શનિવારે બપોરે ૨થી ૫ કલાક સુધી આનંદનો ગરબો રાખવામાં આવ્યો છે. સર્વે ભાવિ ભકતોને આ ધાર્મિક પ્રસંગે પધારવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું હતું.

## સેકટર-૭-એ ખાતે વિશ્વ મહિલા દિવસ નિમિત્તે નિઃશુલ્ક સેમિનારનું આયોજન

વિશ્વ મહિલા દિન નિમિત્તે સેકટર-૭-એ ખાતે નિઃશુલ્ક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. જે બપોરે ૩.૩૦ કલાકે યોજાશે. આ સેમિનાર દિકરીઓ અને બહેનો માટે સલામતી અને જાગૃતિ માટે રાખવામાં આવ્યો છે. જે ગાંધીનગર ટેકવોન્ડો એસોસિએશન, યુનિવર્સલ એકસપ્લોરર ગ્રુપ, વિશ્વ હિન્દુ પરિષદ, દુર્ગા વાહિની, બજરંગ દળ, ફિટનેસ ફર્સ્ટ ગાંધીનગર, જય ગાયત્રી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગાંધીનગરની બહેનો માટે વ્યકિતગત સુરક્ષા માટે સેમિનારનું નિઃશુલ્ક આયોજન કરવામાં આવ્યું છે. વધુ માહિતી માટે મો. ૮૧૬૦૦૬૫૬૨૭, ૭૪૦૫૨૬૭૭૨૭૫ પર સંપર્ક કરવા જણાવ્યું હતું.